# 1908000102040001
# EXAMINATION FEBRUARY-MARCH 2024
# BACHELOR OF COMMERCE (SECOND SEMESTER) NON NEP
# FINANCIAL ACCOUNTING – II-LEVEL 4

[**Time: As Per Schedule]** **[Max. Marks: 50]**

**Instructions:**
**1. Fill up strictly the following details on your answer book**
   a. Name of the Examination : **BACHELOR OF COMMERCE (SECOND SEMESTER) NON NEP**
   b. Name of the Subject : **FINANCIAL ACCOUNTING – II-LEVEL 4**
   c. Subject Code No : **1908000102040001**
2. Sketch neat and labelled diagram wherever necessary.
3. Figures to the right indicate full marks of the question.
4. All questions are compulsory.

Seat No:

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

Student's Signature

**Q.1 માગ્યાં મુજબ જવાબ આપો.**
**Do as Directed:**

(A) વિકાસને આડત પર માલ મોકલનાર રાહુલના પુસ્તકોમાં નીચેના વ્યવહારોની આમનોંધ કરો: **2**
Pass the journal entries of the following transactions in the books of Rahul who sent goods on consignment to Vikas:

1. રાહુલ આડત પર વિકાસને ₹ 50,000 નો સામાન મોકલે છે.
   Rahul sends goods worth ₹50,000 to Vikas on consignment.

2. મોકલેલા માલમાંથી, વિકાસ ₹ 30,000 ની કિંમતનો માલ વેચે છે.
   Out of the consigned goods, Vikas sells goods worth ₹30,000.

3. વિકાસને તે માલ વેચવા માટે ₹ 2,000 નો ખર્ચ થાય છે.
   Vikas incurs expenses of ₹2,000 for selling those goods.

4. વિકાસ વેચાણ મૂલ્ય પર 10% કમિશન લે છે.
   Vikas charges a commission of 10% on the sale value.

(B) અંજુ અને સ્મિતે રાશનાં ધંધા માટે અનુક્રમે રૂ. 2,500 અને રૂ. 5,000 નો માલસામાન પોતાનાં સ્ટૉકમાંથી લાવ્યા. અંજુએ રૂ. 7.500નું અને સ્મિતે રૂ. 15,000નું વેચાણ કર્યું. અંતે બાકી રહેલ સ્ટૉકમાંથી રૂ. 1,000નો સ્ટૉક અંજુ લઈ ગયી અને સ્મિતે રૂ. 2,000નો સ્ટૉક લીધો. સ્મિતનાં ચોપડે રાશ ખાતું બનાવો. **3**

Anju and Smit respectively brought goods of Rs. 2,500 and Rs. 5,000 from own stock for joint venture. Anju sold Rs. 7,500 and Smit sold Rs. 15,000 of goods. At the end out of the remaining stock Rs. 1,000 stock to Anju and Smit took Rs. 2,000 taken stock. Create a joint venture account in Smit's book.

(C) X 01.01.2018 ના રોજ ભાડે ખરીદ પધ્ધતિ પર કાર ખરીદે છે. કારની કુલ રોકડ કિંમત છે ₹4,50,000 ચૂકવવાપાત્ર ₹ 90,000 ડાઉન પેઈમેન્ટ અને ₹ 1,70,000, ₹ 1,50,000 અને ₹ 1,08,460 ના ત્રણ હપ્તાઓ અનુક્રમે પ્રથમ, બીજા અને ત્રીજા વર્ષના અંતે ચૂકવવાપાત્ર છે. 10% ના વાર્ષિક દરે વ્યાજ વસૂલવામાં આવે છે. તમારે દર વર્ષે ખરીદનાર દ્વારા વેચનારને ચૂકવવામાં આવતા વ્યાજની ગણતરી કરવાની છે. **3**

X purchases a car on hire-purchase system on 01.01.2018. The total cash price of the car is ₹4,50,000 payable 90,000 down and three instalments of 1,70,000, 1,50,000 and 1,08,460 payable at the end of first, second and third year respectively. Interest is charged at 10% p.a. You are required to calculate interest paid by the buyer to the seller each year.

(D) હિસાબી ધોરણોની ઉપયોગિતા જણાવો. (કોઈપણ ચાર) **2**

Importance of Accounting Standards. (Any 4)

**Q.2** લોકેશ લિ. તેના આડતિયા વિરાટને રૂ. ૬૦,૦૦૦ની મૂળ કિંમતનો માલ ભરતીયા કિંમતે મોકલાવે છે. મૂળ કિંમત પર ૫૦% નફો ચઢાવીને ભરતીયા કિંમત નકકી કરવામાં આવે છે. માલ ભરતીયા કિંમતે વેચવાનો છે. **14**

રોકડ વેચાણ પર ૧૦% વટાવ આપવામાં આવે છે. આડતનો દર ૫% છે. માત્ર ઉધાર વેચાણ પર ૨% આસામી આડત ગણવાની છે.

માલધણીએ નૂર અને વીમાના રૂ. ૪,૫૦૦ ચૂકવ્યા છે. જ્યારે આડતિયાએ જાહેરાત ખર્ચ રૂ. ૧,૫૦૦ કરેલ છે. ૨૦% માલ રોકડેથી અને ૫૦% માલ ઉધાર વેચેલ છે. રૂ. ૭,૦૦૦ ની ભરતીયા કિંમતનો માલ આડતિયાએ રાખી લીધો છે અને રૂ. ૩,૦૦૦ની ભરતીયા કિંમતનો માલને આડતીયાની બેદરકારીથી નુકશાન થયેલ છે. આ માલ પડતર પર ૨૦% ઉમેરીને આડતીયાએ રાખી લેવાનો છે. આડતીયાએ તેણે ચૂકવવાની રકમના ૮૦% રકમ બેંક ડ્રાફ્ટ દ્વારા મોકલી આપી છે.

આડતમાલ ખાતું તથા આડતિયાનું ખાતું તૈયાર કરો.

Lokesh ltd. sent the goods of Rs. 60,000 cost to his consignee Virat. 50% profit is to be added on cost to decide invoice price. The goods were sent at invoice price.

10% discount was given on cash sales. Rate of commission is 5%. 2% del creder commission is to be given on credit sales.

Consignor paid Rs. 4,500 of freight. While Rs. 1,500 Advertisement expenses were paid by consignee. 20% of goods were sold on cash basis and 50% on credit basis. Goods having invoice price of Rs. 7,000 was taken by consignee. Rs. 3,000 worth of goods is damaged due to negligent handling of goods of the consignee. These goods was taken by adding 20% by consignee. Consignee has remitted 80% of the amount due by him through bank draft.

Prepare Consignment Account and Consignee Account in the books of Lokesh ltd.

**અથવા**

**OR**

તા. ૧-૭-૨૦૨૨નાં રોજ શ્યામ અને સુંદરે ગોપીને આડત પર માલ મોકલવા એક સયુંકત સાહસમાં જોડાયા. તેઓએ અનુક્રમે ૩:૨ ના પ્રમાણમાં નફોનુકશાન વહેંચવાનું નકકી કર્યું હતું.

શ્યામે રૂ. ૮૦,૦૦૦ નો માલ પોતાના સ્ટૉકમાંથી મૂળકિંમતે તથા રૂ. ૪૦,૦૦૦ નો માલ ૧૦% વેપારી વટાવે બજારમાંથી ખરીદીને ગોપીને વેચવા મોકલ્યો તેમજ માલ મોકલતી વખતે નૂર તથા અન્ય ખર્ચના રૂ. ૪,૦૦૦ચૂકવ્યા.

સુંદરે રૂ. ૬૦,૦૦૦ નો માલ ૧૦% વેપારી વટાવે શાખ પર ખરીદીને ગોપીને વેચવા મોકલ્યો તેમજ માલ મોકલતી વખતે નૂર તથા અન્ય ખર્ચના રૂ. ૨,૦૦૦ ચુકવ્યા.

તા. ૩૧-૧૨-૨૦૨૨ના રોજ ગોપી પાસેથી મળેલ વેચાણ આંકડા પરથી નીચેની માહિતી પ્રાપ્ત થઈ:

1) તેણે બધો જ માલ રૂ. ૨,૪૦,૦૦૦ માં વેચી દીધો.
2) તેણે ખર્ચાના રૂ. ૨૦૦૦ ચૂકવ્યા હતા
3) તેણે રૂ. ૧,૪૦,૦૦૦ ની એક હૂંડી સ્વીકારીને શ્યામને મોકલી આપી હતી. જે શ્યામે રૂ. ૩,૦૦૦ વટાવથી વટાવી.
4) તેણે કરેલ ખર્ચની તથા વેચાણ પર ૫% લેખે તેના કમિશનની રકમ કાપીને બાકીનાં નાણા ચૂકતેના હિસાબે શ્યામને બેંક ડ્રાફ્ટથી મોકલી આપ્યા હતાં.

તા. ૩૧-૧૨-૨૨ ના રોજ શ્યામ અને સુંદરે સંયુકત સાહસનો વેપાર બંધ કર્યો અને તેઓએ સંયુક્ત સાહસ અંગેના પરસ્પરના હિસાબો ચૂકતે કરી દીધા.

શ્યામનાં ચોપડે તૈયાર કરો:

1) રાશ ખાતું

2) સુંદર ખાતું
3) ગોપી ખાતું

Dt. On 1-7-2022, Shyam and Sundar entered into a joint venture to send goods on consignment to Gopi. They decided to share the profit and loss in the ratio of 3:2 respectively.

Shyam brought Rs. 80,000 worth of goods from his own stock at original cost and Rs. 40,000 was purchased from the market with a 10% discount and sent to Gopi for sale and while sending the goods, freight and other expenses of Rs. 4,000 paid.

Sundar brought Rs. 60,000 worth of goods from the merchant on credit with a rate of 10% and sent them to Gopi for sale and while shipping the goods, paid freight and other expenses of Rs. 2,000.

Dt. The following information was obtained from the sales figures received from Gopi on 31- 12-2022:

1) She sold all the goods at Rs. Sold for 2,40,000.
2) She spent Rs. 2000 was paid
3) She gave Rs. 1,40,000 bill which was accepted and sent to Shyam. Shyam discounted the bill in Rs. 3,000.
4) She had deducted 5% of his commission on sales and the expenses and sent the remaining money to Shyam through a bank draft as payment.

Dt. On 31-12-22 Shyam and Sundar closed the business of the joint venture and they settled their mutual accounts in respect of the joint venture.

Prepare a Shyam's book:

1) Rash Account
2) Sundar Account
3) Gopi Account

**Q.3** આલ્ફા અને બીટા સરકાર માટે ફિલ્મ તૈયાર કરવા માટે સંયુક્ત સાહસમાં પ્રવેશ કરે છે. સરકાર રૂ.200,000 ચૂકવવા સંમત થાય છે. આલ્ફા રૂ.20000 અને બીટા રૂ.30000નું યોગદાન આપે છે. આ રકમ સંયુક્ત બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. સંયુક્ત બેંક ખાતામાંથી ચૂકવણી કરવામાં આવી હતી: **14**

સાધનોની ખરીદી- રૂ. 12,000
સાધનોનું ભાડું – રૂ.10,000
વેતન- રૂ. 90,000
સામગ્રી – રૂ. 20,000
ઓફિસ ખર્ચ- રૂ.10,000

આલ્ફાએ લાઇસન્સિંગ ફી તરીકે રૂ. 4000 ચૂકવ્યા. ફિલ્મ પૂર્ણ થવા પર, ફિલ્મ ખામીયુક્ત જણાઈ હતી અને સરકારે રૂ. 20,000 ની કપાત કરી હતી. બીટા દ્વારા રૂ. 4000 ની કિંમતે સાધનસામગ્રી હસ્તગત કરવામાં આવી હતી. સંયુક્ત સાહસના

હિસાબ માટે અલગ હિસાબો રાખવામાં આવે છે. જેનો નફો આલ્ફા 2/5 અને બીટા-3/5 વહેંચવામાં આવ્યો હતો. જરૂરી ખાતાવહી ખાતાઓ તૈયાર કરો.

Alfa and Beta enter a joint venture to prepare a film for the Government. The Government agrees to pay Rs.200,000. Alfa contributes Rs.20000 and Beta contributes Rs.30000. These amounts are deposited into a Joint Bank Account. Payments made out of the joint bank account were:

- Purchase of equipment- 12000
- Hire of equipment- 10000
- Wages- 90000
- Material- 20000
- Office expenses- 10000

Alfa paid 4000 as licensing fee. On completion, the film was found defective and the government made a deduction of 20000. The equipment was taken over by Beta at a valuation of 4000. Separate books of account were maintained for the joint venture accounting whose profits were divided in the ratio of Alfa- 2/5 and Beta- 3/5. Prepare required ledger accounts.

**અથવા**

**OR**

દિલ્હી ટૂરિસ્ટ સર્વિસ લિ.એ 1લી એપ્રિલ 2020ના રોજ મારુતિ ઉદ્ગોગ લિમિટેડ પાસેથી મોટર વાન ખરીદી હતી. આ ખરીદી ભાડાની ખરીદીના આધારે હતી, કરાર પર હસ્તાક્ષર કરવા પર રૂ. 50,000 ચૂકવવામાં આવ્યા હતા. વાર્ષિક 15%ના દરે વ્યાજ વસૂલવામાં આવ્યું હતું.

| તારીખ | હપ્તો |
|---|---|
| 31-03-2021 | 72,500 |
| 31-03-2022 | 65,000 |
| 31-03-2023 | 57,500 |

વાર્ષિક 25 ટકાના દરે ઘટતી જતી બાકીની રીતે ઘસારો ગણવામાં આવે છે. દિલ્હી ટૂરિસ્ટ સર્વિસ લિમિટેડ દર વર્ષે 31 માર્ચે તેના પુસ્તકો બંધ કરે છે. દિલ્હી ટૂરિસ્ટ સર્વિસ લિમિટેડના પુસ્તકોમાં મોટર વાહન અને મારુતિ ઉધોગ ખાતાં તૈયાર કરો.

Delhi Tourist Service Ltd. purchased from Maruti Udvog Ltd. a motor van on 1st April 2020. The purchase was on hire purchase basis, Rs 50.000 being paid on the signing of the contract. Interest was charged at 15% per annum.

| Date | Instalment |
|---|---|
| 31-03-2021 | 72,500 |
| 31-03-2022 | 65,000 |
| 31-03-2023 | 57,500 |

Depreciation was written off at the rate of 25 per cent per annum on the reducing instalment system. Delhi Tourist Service Ltd. closes its books every year on 31st March. Prepare motor van and Maruti Udyod Ltd. ledger accounts in the books of Delhi Tourist Service Ltd.

**Q.4 ટૂંકનોંધ લખો (કોઈપણ ૩)** **12**

**Short Note: (Any 3)**

1) નાણાંકીય નીતોઓનું પ્રગટીકરણ
Disclosure of Accounting Policies

2) હિસાબી ધોરણ – ૨: ઈવેન્ટરીનું મૂલ્યાંકન
Accounting Standard 2: Valuation of Inventories

3) આડતમાલમાં આખરસ્ટોકનું મૂલ્યાંકન
Closing Stock of consignment

4) કાચું રાશ ખાતું
Memorandum Joint Venture A/c

5) વેચાણ પછીની સેવા માટેનું અનામત
Reserve for after sales services

*****